# તેજતૃષા-૨૦૨૫ અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે 'તેજતૃષા મહોત્સવ 2025' યોજાયો. યુનિવર્સિટીના વિવિધ અભ્યાસકેન્દ્રોમાં અભ્યાસ કરતા 889 જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા અને જ્ઞાન ધારા, રંગ કલા કૌશલ્ય, સર્જનાત્મક અભિવ્યક્તિ, ગીત સંગીત ધારા, નાટ્યધારા અને નૃત્ય ધારા જેવી વિવિધ 41 જેટલી સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાનું કૌશલ્ય બતાવ્યું..

આજ રોજ 'તેજ તૃષા મહોત્સવ 2025'નો ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવેલ હતું , જેમાં રાજ્યભરમાંથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિવિધ અભ્યાસ કેન્દ્રોમાં અભ્યાસ કરતા 889 વિદ્યાર્થીઓ જોડાયા હતા અને 41 જેટલી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઇ, પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું,

'તેજતૃષા મહોત્સવ -2025' કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં ગુજરાતના આંતરાષ્ટ્રીય વક્તા શ્રી જય વસાવડાએ ખાસ હાજરી આપી હતી, અને તેજતૃષા મહોત્સવમાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરતું વક્તવ્ય આપ્યુ હતું. આ તકે શ્રી જય વસાવડા એ જણાવ્યું હતું કે, જીંદગી જીવવા માટે માણસને પોતાનું લક્ષ્ય હોવું જોઈએ અને એ જ લક્ષ્યને ધ્યાનમાં રાખીને સફળતાના શિખરો સર કરવા જોઈએ, તેમ દરેકની એક આંખમાં તેજ અને બીજી આંખમાં ભેજ હોવો જોઈએ.. આ તેજ એટલે શું અને ભેજ એટલે શું તેનાં ખૂબ ઉત્તમ ઉદાહરણો આપી યુવાનોને પ્રેરણાત્મક વક્તવ્ય આપ્યું હતું..

આ તકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયએ યુનિવર્સિટીની સિદ્ધિઓ વર્ણવી હતી અને યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ પ્રકલ્પ વિશે માહિતીગાર કર્યો હતા તેમજ 'તેજતૃષા મહોત્સવ'નું મહત્ત્વ સમજાવતાં તેઓ જણાવ્યું કે, 'તેજતૃષા મહોત્સવ'ની શરૂઆત 2019માં કરવામાં આવેલ. આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા માટે ઉંમર નો કોઈ બાધ નથી તેમ આ પ્રતિભા મહોત્સવમાં કોઈ પણ ઉંમરના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે એને એમની કળાને.. સ્કિલને... આવડતને રજૂ કરવા માટે આ યુનિવર્સિટીએ મંચ આપ્યું છે. હકીકત એ છે કે દરેક વ્યક્તિમાં કોઈપણ પ્રકારે તેજ રહેલ છે એ તેજને બહાર લાવવા માટે જે તરસ છે તે તૃષા છે અને એટલે જ આ મહોત્સવને 'તેજતૃષા' નામ આપવામાં આવ્યું, તેઓએ એ પણ જણાવ્યું કે, આગામી સમયમાં યુનિવર્સિટી સિનેમા ઉપર નવા અભ્યાસક્રમ શરૂ કરવા તરફ જઈ રહી છે જેમાં કોઈ પણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ સિનેમા ના અભ્યાસક્રમમાં જોડાઇ શકે અને પોતાનું કેરિયર બનાવી શકે છે, તેજતૃષા વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર સ્પર્ધકો મા પ્રથમ દ્વિતીય તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર સ્પર્ધકો ને શિલ્ડ આપી અને સન્માનિત કરવામાં આવેલ હતા આ તકે યુનિવર્સિટી બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રી યતીન પટેલ, કુલસચિવ શ્રી ડૉ.એ.કે.જાડેજા, પ્રો. ડૉ. પ્રિયાંકી બેન વ્યાસ, ડો. હિમાંશુ પટેલ, ડૉ. સંજયભાઇ પટેલ, ડૉ. મહેશ પ્રસાદ ત્રીવેદ, પ્રો. અજીતસિંહ રાણા, પ્રો. મનોજ શાહ, ડૉ. નિશાબેન જોષી, ડૉ. કૃતિ છાયા, ડૉ. ભાવિન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા, આ કાર્યક્રમ નુ સંચાલન પ્રો. દિગીશ વ્યાસ કર્યું હતું.












BAOU
Education for All
Dr. Babasaheb Ambedkar
Open University
(Established by Government of Gujarat)
તેજતૃષા મહોત્સવ 2025
ઉદ્ઘાટન સમારોહ
તારીખ: 15 ફેબ્રુઆરી 2025
સમય: 11:00










તેજતૃષા મહોત્સવ 2025






BAOU
Education for All
Dr. Babasaheb Ambedkar
Open University
(Established by Government of Gujarat)
તેજતૃષા મહોત્સવ 2025